(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. આપણા ધર્મગુરુ કોણ છે? તેમના બીજા નામ લખો.

**જ. સર્વ સાધુઓમાં ઉચ્ચ કરણી કરનાર સ્થાનકવાસી જૈન સાધુ–સાધ્વીજી આપણા ધર્મગુરુ કહેવાય છે. તેમના નામ મુનિ, શ્રમણ, અણગાર, નિર્ગ્રંથ છે.**

૨. મોટી ચોરી કોને કહે છે? તે કેટલા પ્રકારની બતાવી છે?

**જ. પૂછ્યા વિના કોઇની એવી ચીજ લેવી કે જેનાથી તેને દુઃખ થાય , લોકનિંદા થાય, રાજદંડ મળે તેને મોટી ચોરી કહે છે. તે ચાર પ્રકારની બતાવી છે.**

૩. સર્વકાળની આશતના એટલે શું? તે કયા પાઠમાં આવે છે? તેનો મૂળ શબ્દ લખો.

**જ. સર્વકાળની આશાતના એટલે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ, એમ ૩ કાળની બધી આશાતના. તે ઈચ્છામિ ખમાસમણોના પાઠમાં આવે છે. સવ્વ કાલિયાએ.**

૪. નિર્ગ્રંથ પ્રવચનની આરાધના કરનાર શું પામે છે? મૂળ પાઠ લખો.

**જ. સિજ્ઝંતિ, બુજ્ઝંતિ, મુચ્ચંતિ, પરિનિવ્વાયંતિ, સવ્વ દુક્ખાણ મંતં કરંતિ.**

૫. કેવળી ભગવાનને નિદ્રા હોય કે નહિ? મુહપત્તિ બાંધે કે નહિ? શા માટે?

**જ. કેવળી ભગવાનને નિદ્રા ન હોય કારણ કે દર્શનાવરણીય કર્મ નથી માટે. મુહપત્તિ બાંધે કારણ કે સંયમ છે, વાયુકાયની રક્ષા માટે.**

**(આ) નીચેના શબ્દોના અર્થ લખી તે કયા પાઠમાં છે તે લખો.** **(૫)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. પડિહય | **રોકી દીધા છે** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૨. થાપણમોસો | **થાપણ ઓળવવા સંબંધી જૂઠ** | **બીજા વ્રતમાં** |
| ૩. નિયમં | **મારા નિયમની, મર્યાદા કરી** | **સામાયિકના છટ્ઠા પાઠમાં, નવમા વ્રતમાં** |
| ૪. અહોકાયં | **આપના ચરણોને** | **પ્રતિક્રમણના ત્રીજા પાઠમાં** |
| ૫. ચરમેહિં | **છેલ્લા** | **સંથારાના પાઠમાં** |

(૫૫)

**પ્ર.૨ (અ) પાંચ જ્ઞાનના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) વ્યાખ્યા લખો.** **(૫)**

૧. અર્થાવગ્રહ – **અસંખ્યાત સમય સુધી પુદ્ગલો પ્રવેશ્યા પછી છેલ્લા સમયે જાણે કે આ કંઈક છે તે સામાન્ય જ્ઞાનના અંશને અર્થાવગ્રહ કહે છે.**

૨. સંજ્ઞા અક્ષર શ્રુત – **તે અક્ષરના આકારનું જ્ઞાન. ઉદા. ક, ખ, ગ વગેરે સર્વ અક્ષરની સંજ્ઞાનું જ્ઞાન.**

૩. મધ્યગત અવધિજ્ઞાન – **તે સર્વ દિશા તથા વિદિશા તરફ સંખ્યાતા, અસંખ્યાતા યોજન જાણે અને જુએ. જેમ દીવો માથે મૂકીને ચાલે તો તે ચૌતરફ જુએ તેમ.**

૪. જ્ઞેય – **જાણવા યોગ્ય પદાર્થ.**

૫. મન:પર્યવજ્ઞાન – **મન:પર્યવ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના વ્યક્ત મનના પરિચિંતિત ભાવોને પ્રગટ કરે તે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. ધારણા મતિજ્ઞાનના ભેદ કેટલા છે? કયા કયા? તેનો કાળ કેટલો છે?

**જ. ધારણા મતિજ્ઞાનના છ ભેદ છે – શ્રોત્રેન્દ્રિય ધારણા, ચક્ષુઈન્દ્રિય ધારણા, ઘ્રાણેન્દ્રિય ધારણા, રસનેન્દ્રિય ધારણા, સ્પર્શનેન્દ્રિય ધારણા, નોઈન્દ્રિય ધારણા. તેનો કાળ સંખ્યાત વર્ષ–અસંખ્યાત વર્ષ ધારી રાખે.**

૨. સમકિત અને સ્વામીની અપેક્ષાએ અવધિજ્ઞાન અને મન:પર્યવજ્ઞાન વચ્ચેનો તફાવત લખો.

**જ. સમકિત – સમકિતીના જ્ઞાનને અવધિજ્ઞાન અને મિથ્યાત્વીના જ્ઞાનને વિભંગજ્ઞાન કહેવાય છે.**
**માત્ર સમકિતી સાધુને જ હોય છે, માટે મિથ્યાત્વીને હોતું જ નથી.**
**સ્વામી – ચારે ગતિના જીવોને અવધિજ્ઞાન થઈ શકે. ૧ થી ૧૨ ગુણસ્થાન સુધી હોઇ શકે.**
**લબ્ધિવાન અપ્રમત્ત સાધુને જ થાય. ૭ થી ૧૨ ગુણસ્થાન સુધી હોઈ શકે.**

૩. વાસ્તવિક પ્રત્યક્ષ અને વાસ્તવિક પરોક્ષ જ્ઞાન વચ્ચે શું અંતર છે?

**જ. જે જ્ઞાન આત્માથી પ્રત્યક્ષ છે તે જ્ઞાન નોઈન્દ્રિય પ્રત્યક્ષ છે. તે વાસ્તવિક પ્રત્યક્ષ છે અને જે પોતે ઈન્દ્રિય દ્વારા જાણે છે તે ઈન્દ્રિય પ્રત્યક્ષ છે. તેને વ્યવહાર દ્રષ્ટિથી પ્રત્યક્ષ કહેલ છે. વાસ્તવિક રીતે તો તે પરોક્ષ છે.**

૪. પરંપર સિદ્ધ કેવળજ્ઞાનના પ્રકાર લખો.

**જ. પરંપર સિદ્ધ કેવળજ્ઞાનના અનેક પ્રકાર છે – જેમ કે દ્વિ સમય સિદ્ધ, ત્રિ સમય સિદ્ધ, સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ, અનંત સમય સિદ્ધ.**

૫. શ્રુતની અનંતી પર્યાય અનાદિથી કેવી રીતે છે?

**જ. જેમ વર્ષાકાળે વાદળાથી ચંદ્ર અને સૂર્ય સર્વથા ઢંકાઈ જાય છતાં પણ તેની પ્રભા સર્વથા ઢંકાઈ જતી નથી, તેમ અનંત જ્ઞાનાવરણીય કર્મના આવરણનો ઉદય હોવા છતાં પણ ચૈતન્યપણાનું સર્વથા આવરાતું નથી. તેથી શ્રુત અનાદિ છે.**

**(૩) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. બે જ્ઞાનની ...... સાથે ઉત્પન્ન થાય છે. ...... અપેક્ષાએ ક્રમશઃ થાય છે. | **શક્તિ, ઉપયોગ** |
| ૨. ......, ...... આદિ ગુણ મન:પર્યવજ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે. | **શાંતિ, સંયમ** |
| ૩. તીર્થંકર પ્રવચન ...... થી કરે છે તે ...... શ્રુત છે. | **વચનયોગ, દ્રવ્ય** |
| ૪. વંશાનું અવધિજ્ઞાન ...... ના આકારે, વિજયનું અવધિજ્ઞાન ...... ના આકારે છે. | **ત્રાપા, જવનાલિકા** |
| ૫. ભવ્યનું ...... શ્રુત સાદિ સાંત છે, અભવ્યનું ...... શ્રુત અનાદિ અનંત છે. | **સમ્યક્, મિથ્યા** |

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માત્ર એક વાક્યમાં લખો. (૫)**

૧. ઉર્ધ્વ જ્યોતિષીનું ઉપરનું તળિયું એટલે શું?

**જ. ઉર્ધ્વ જ્યોતિષીનું ઉપરનું તળિયું એટલે સમભૂમિથી ૯૦૦ યોજન ઊંચું.**

૨. મિથ્યા શ્રુતમાં શેનો સમાવેશ થાય છે?

**જ. મિથ્યા શ્રુતમાં મહાભારત, રામાયણ, જ્યોતિષ, ૨૯ જાતિના પાપશાસ્ત્ર વેગેરેનો સમાવેશ થાય છે.**

૩. કેવળજ્ઞાનના પ્રકાર કેટલા? કયા કયા?

**જ. કેવળજ્ઞાનના પ્રકાર બે ૧) ભવસ્થ કેવળજ્ઞાન ૨) સિદ્ધ કેવળજ્ઞાન.**

૪. અશ્રુત નિશ્રિતના ભેદ કેટલા છે? તેનું બીજું નામ શું છે?

**જ. અશ્રુત નિશ્રિતના ભેદ ચાર છે. તેનું બીજું નામ બુદ્ધિ છે.**

૫. તિર્યંચમાં બાહ્ય અવધિજ્ઞાન અને સર્વ અવધિજ્ઞાન હોય કે નહિ?

**જ. તિર્યંચમાં બાહ્ય અવધિજ્ઞાન હોય અને સર્વ અવધિજ્ઞાન ન હોય.**

**(૪) મને ઓળખો. (૨)**

| | જવાબ |
|---|---|
| ૧. મારામાં સરખા પાઠ આવે છે. | **ગમિક શ્રુત** |
| ૨. હું સંપૂર્ણ ભવ રહું છું. | **અપ્રતિપાતિ અવધિજ્ઞાન** |
| ૩. હું નિર્ણય કરું છું. | **અવાય મતિજ્ઞાન** |
| ૪. હું હિયમાન થઈ ઋજુમતિ થતું નથી. | **વિપુલમતિ મન:પર્યવજ્ઞાન** |

**(૫) નીચેનાનો જઘન્ય–ઉત્કૃષ્ટ વિષય લખો. (૩)**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧. અવ્યાબાધ | **આંગુલનો અસંખ્યાતમો ભાગ** | **ત્રીજી નરકનો નીચેનો ચરમાંત** |
| ૨. વંશા | **૩ ગાઉ** | **૩।। ગાઉ** |
| ૩. કંથવા | **અવધિજ્ઞાન ન હોય** | |
| ૪. ઘોડો | **આંગુલનો અસંખ્યાતમો ભાગ** | **અસંખ્યાતા દ્વીપ સમુદ્ર** |
| ૫. અપરાજીત | **જ. ઉ. રાજલોકમાં કાંઈક ઓછું** | |
| ૬. મનુષ્ય | **આંગુલનો અસંખ્યાતમો ભાગ** | **અલોકમાં અસંખ્યાત ખંડ જુએ** |

**(આ) ચાર કષાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વ્યાખ્યા લખો. (૪)

**જ.** ૧) વેદ્યા – **અબાધાકાળ પૂર્ણ થતા કર્મનું ઉદ્યમાં આવવું અથવા ઉદીરણા દ્વારા ઉદય આવલિકામાં ખેંચેલ કર્મનું ફળ દેવું.**

૨) અપ્રતિષ્ઠિત – **વિના કારણે. માત્ર મોહનીય કર્મના ઉદયે ક્રોધ થાય તે.**

૩) સંજવલન – **યથાખ્યાત ચારિત્ર ગુણનો ઘાત કરે તેવો ક્રોધ.**

૪) વત્થુ – **વાસ્તુ, ઢાંકી જમીન માટે, મકાન વગેરે માટે.**

૨. કષાયના દળિયા કેટલા છે? કયા કયા? (૨×૩)

**જ. કષાયના દળિયા છ છે. ચણીયા, ઉપચણીયા, બાંધ્યા, ઉદીરણા, વેદ્યા, નિર્જર્યા.**

૩. માયા કષાયના ૪૦૦ ભાંગા કેવી રીતે થાય? તે ટૂંકમાં સમજાવો.

**જ. માયા કષાય ચાર સ્થાન પર પ્રતિષ્ઠિત, ઉત્પત્તિના ચાર કારણ, ચાર ભેદ, ચાર પ્રકાર એમ ૧૬ ભેદ માયાના તે સમુચ્ચય જીવ અને ૨૪ દંડક એ ૨૫×૧૬=૪૦૦ ભાંગા થાય.**

૪. ગૌતમ સ્વામીએ ભગવાનને શું પૂછ્યું? ભગવાને શું જવાબ આપ્યો?

**જ. ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું, હે ભગવાન ! કષાય કેટલા પ્રકારે છે? ભગવાને કહ્યું, ૧૬ પ્રકારે બતાવેલ છે. તે ૧૬ પ્રકાર બતાવે છે.**

**(ઇ) ચાર ધ્યાનના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. અર્થ લખો. (૨×૪)

**જ.** ૧) સંસારાણુપ્પેહા – **સંસારની સ્થિતિ દશાનો વિચાર કરવો.**

૨) વિલપન – **વારંવાર પૂર્વે કરેલા કર્મોનું ચિંતન કરતા ક્લેશયુક્ત વિલાપ કરતા બોલવું.**

૩) આમરણાંત દોષ – **મરણપથારીએ પણ પશ્ચાત્તાપ ન કરવો. આખી જીંદગી સુધી દ્વેષ રાખવો.**

૪) અનંતવૃત્તિતાનુપ્રેક્ષા – **અનંત સંસાર પરિભ્રમણનું મુખ્ય કારણ શુભ–અશુભ કર્મ છે એમ વિચારવું.**

૨. આર્ત્તધ્યાનનું પહેલું લક્ષણ, રૌદ્રધ્યાનનો બીજો પાયો, ધર્મધ્યાનની ત્રીજી અનુપ્રેક્ષા, શુક્લધ્યાનનું ચોથું આલંબન લખો.

**જ. આર્ત્તધ્યાનનું પહેલું લક્ષણ – ક્રન્દન : શબ્દ સાથે અશ્રુપાત કરવો.**

**રૌદ્રધ્યાનનો બીજો પાયો – જૂઠમાં આનંદ માનવો.**

**ધર્મધ્યાનની ત્રીજી અનુપ્રેક્ષા – અસરણાણુપ્પેહા – સંસારમાં કોઇ કોઇનું શરણ નથી તેનો વિચાર ચિંતવવો.**

**શુક્લધ્યાનનું ચોથું આલંબન – મદ્દવે – નમ્રતા, માનનો વિજય.**

૩. મહાવિદેહના જુગલિયા મનુષ્ય, ક્ષયોપશમ સમકિત ચરમ શરીરી, ભરતના સાધુમાં કયા ધ્યાન હોય? (૩)

**જ. મહાવિદેહના જુગલિયા મનુષ્ય – ન હોય.**

**ક્ષયોપશમ સમકિત ચરમ શરીરી – આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

**ભરતના સાધુ – આર્ત્તધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

૪. પાયાનું કામ શું છે? તે કેટલા અને કયા ધ્યાનને હોય? (૨×૨)

**જ. પાયાનું કામ આધાર આપવાનું છે. તે ચારે ધ્યાનને હોય. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન.**

૫. શુક્લધ્યાનનો પહેલો અને ત્રીજો પાયો કયા ગુણસ્થાને હોય? આર્ત્તધ્યાન અને ધર્મધ્યાનના કેટલા અને કયા ગુણસ્થાન હોય?

**જ. શુક્લધ્યાનનો પહેલો પાયો ૮ થી ૧૦ ગુણસ્થાને હોય અને ત્રીજો પાયો ૧૩ મા ગુણસ્થાને હોય. આર્ત્તધ્યાનના ગુણસ્થાન ૬ તે ૧ થી ૬ અને ધર્મધ્યાનના ગુણસ્થાન ૪ તે ૪ થી ૭.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પચ્ચક્ખાણથી કયા ગુણો વધે છે? વ્રતી કેટલું કર્મ બાંધે છે?

**જ. પચ્ચક્ખાણથી સંતોષ, સરળતા, મૈત્રી, બુદ્ધિનો ક્ષયોપશમ વેગેરે ગુણો વધે છે. વ્રતી જીવો અંતઃક્રોડાક્રોડી સાગરથી વધુ કર્મ બાંધતા નથી.**

૨. તિષ્યગુપ્ત, ગંગ અને અશ્વમિત્ર શા માટે નિન્હવ થયા? મહાવીરના શાસનમાં કેટલા નિન્હવ થયા?

**જ. તિષ્યગુપ્ત – આત્મપ્રદેશના અંતિમ જીવ પ્રદેશમાં જીવ તત્ત્વ માનવાવાળા. ગંગ – એક સમયમાં બે ક્રિયા માનવાવાળા. રોહગુપ્ત – જીવ રાશિ, અજીવ રાશિ. નોજીવ રાશિ નોઅજીવ રાશિ એમ ત્રણ રાશિની પ્રરૂપણા કરવાવાળા. મહાવીરના શાસનમાં ૭ નિન્હવ થયા.**

૩. શસ્ત્ર કોને કહેવાય? અચેત પાણી કેટલા પ્રકારના છે? કયા સૂત્રમાં છે?

**જ. શસ્ત્ર એટલે જેનાથી પાણી અચેત થઈ શકે છે. અચેત પાણી ૨૧ પ્રકારના છે. તે આચારાંગ સૂત્ર બીજો શ્રુત સ્કંધ, અધ્યયન ૧, ઉદ્દેશો ૭/૮ નો અધિકાર છે.**

૪. કયા વ્રતમાં બાથરૂમનો ઉપયોગ કરવાનો નથી? શા માટે?

**જ. સામાયિક વ્રત, દેશાવગાસિક વ્રત અને પૌષધ વ્રતમાં સંપૂર્ણ અહિંસાનું પાલન કરવા બાથરૂમનો ઉપયોગ કરવાનો નથી કારણ કે અશુચિઓમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. તે જીવોની દયા પાળવા માટે.**

૫. શબ્દ શું છે? તે શેનું કારણ નથી? ભોજનમાં અણગમો કરવો તે શું છે? તેનાથી શું બંધાય છે?

**જ. શબ્દ જડ વસ્તુ છે. તે આત્માની અશાંતિનું કારણ નથી. ભોજનમાં અણગમો કરવો તે આર્ત્તધ્યાન છે. તેનાથી તેવા જ પ્રકારના નવા અશુભ કર્મ બંધાય છે.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ ૩ થી ૪ લીટીમાં લખો.**

૧. ગોશાલકે મહાવીર સ્વામીને શા માટે મહાનિર્માયક કીધા?

**જ. આ સંસારરૂપી સમુદ્રમાં અનેક જીવો ગોથા ખાઈ રહ્યા છે, વહી રહ્યા છે, ડૂબી રહ્યા છે, તેમને ભગવાન મહાવીર પોતે સહારો દઈને ધર્મમય નાવ દ્વારા મોક્ષરૂપ કિનારા પર લઈ જાય છે. માટે ગોશાલકે મહાવીર સ્વામીને મહાનિર્માયક કીધા.**

૨. સાધ્વીઓનો વ્યવહાર જોઈને સુભદ્રા સાધ્વીએ મનમાં શું વિચાર કર્યો?

**જ. હું મારા ઘરે હતી ત્યારે સ્વતંત્ર હતી. આ જ સાધ્વીઓ મારો આદર કરતી હતી પણ હવે મને પ્રેમથી નથી બોલાવતી માટે કાલે હું સુવ્રતા સાધ્વી પાસેથી નીકળીને અલગ સ્થાનમાં વિચરું તે મારા માટે યોગ્ય છે.**

૩. દેવે સકડાલ પુત્રના પુત્રો સાથે શું કર્યું?

**જ. દેવે સકડાલ પુત્રના ત્રણ પુત્રોને મારીને નવ નવ ટુકડા કર્યા. ઉકળતા પાણીની કડાઇમા નાખ્યા. તેના લોહી, માંસ તેના પર છાંટ્યા.**

૪. સોમા સાધ્વીનો અભ્યાસ, તપ અને ભવિષ્ય શું છે?

**જ. સોમા સાધ્વી અગિયાર અંગ સૂત્રનો અભ્યાસ કરશે. ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ વગેરે તપ કરશે. સોમા સાધ્વી કાળ કરી શક્રેન્દ્ર મહારાજને ત્યાં સામાનિક દેવ તરીકે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહમાં જન્મશે અને સર્વ કર્મથી મુક્ત થઈ સિદ્ધ થશે.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? – ૧) આવી વાત સાંભળવી પણ ન કલ્પે. **સાધ્વીઓ સુભદ્રાને કહે છે.**

૨) ધર્મ અથવા તપ માનીને નહિ. **સકડાલ પુત્ર ગોશાલકને કહે છે.**

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. માયાને કહેજો **છોડે એના બાણ, નિર્મળ થઈને આપું હું આહ્વાન,**
**સુખ ના મળે તો ના મળે, દુઃખ ના ટળે તો ના ટળે,**
**પણ કપટી મારે થાવું નથી અને દુર્ગતિમાં હવે જાવું નથી.** લોભ.

૨. અશક્તિ **ને આસક્તિ ... આસક્તિ ... તને આજ ભલે સંસારમાં રોકે,**
**પણ લેવા જેવી છે દીક્ષા ... હાં દીક્ષા ... એ નિર્ણય કર એમાં કોઈ ન રોકી શકે,**
**સંયમના ભાવનો પ્રભાવ** જબ્બર છે.

૩. તવ **ચરણમેં મમ સ્થાન હો, ભક્તિ હી મેરા શાન હો ... ભગવંત તેરી ...**
**તૂ ધર્મભાનુ લોકમેં, તેરે લલિત દિવ્ય અલોકમેં**
**મિટે તિમિર જ્ઞાન–વિજ્ઞાન હો, મુક્તિ હી મેરા** સ્થાન હો.

૪. મુનિ રસના ત્યાગી છે તે કઈ કડીમાં આવે છે તે કડીનો નંબર લખી કડી લખો.

**જ. મુનિ રસના ત્યાગી છે તે ચોથી કડીમાં આવે છે.**
**એક એક મુનિવર રસના ત્યાગી, એક એક જ્ઞાન ભંડાર રે પ્રાણી,**
**એક એક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો ના'વે પાર રે પ્રાણી ...**
**સાધુજીને વંદણા નિત નિત કીજે ...**

**જય – જિનેન્દ્ર**